# નિગોદ–સ્વરૂપ

આ સંસારમાં સર્વથી કનિષ્ઠ અવસ્થાને ભોગવનારા જીવો નિગોદના નામથી ઓળખાય છે. તેમને ત્રણ યોગમાં માત્ર શરીર જ હોવાથી તેઓ શરીર સંબંધી અનંતી પીડા ભોગવે છે, છતાં અત્યંત અવ્યક્તપણું હોવાથી તેઓ પીડા ભોગવતાં સમભાવ સંપાદન કરી કર્મ ખપાવી શકતા નથી; માત્ર વિપાકોદયવડે જે કર્મ ખપે છે તે જ ખપે છે. તેના પ્રમાણમાં કર્મ બંધાય પણ છે. પ્રાણી માત્રના કેટલાક કર્મ પ્રત્યેક સમયે પ્રદેશોદયથી પણ ખપે છે, પરન્તુ તેની અહીં વિવક્ષા કરવામાં આવી નથી.

નિગોદ બે પ્રકારની છે : સૂક્ષ્મ–નિગોદ અને બાદર–નિગોદ. **'સૂક્ષ્મ–નિગોદ'** તે સૂક્ષ્મ વનસ્પતિકાય જીવો સમજવા. સૂક્ષ્મ પાંચેય પ્રકારના સ્થાવરો પૈકી માત્ર વનસ્પતિકાય જ નિગોદ છે અને તે જ એક શરીરમાં અનંત જીવપણે રહેલ છે. બાકીના ચાર ( પૃથ્વી, અપ્, તેઉ અને વાયુકાય ) સ્થાવર સૂક્ષ્મો જો કે અદૃશ્યાદિક ગુણોવડે વનસ્પતિકાય જેવા છે, પરન્તુ તેઓ પ્રત્યેક શરીરી છે અને તેની ગણના વ્યવહારરાશિમાં કરેલી છે.

નિગોદનો બીજો પ્રકાર **'બાદર–નિગોદ'** છે. તે કંદાદિકની માફક સાધારણ વનસ્પતિ તરીકે ઓળખાય છે. કંદમૂળ, લીલફુલ વિગેરેનો તેની અંદર સમાવેશ થાય છે. તે છદ્મસ્થ અને ચર્મચક્ષુવાળા જીવોને દૃશ્ય છે, પરંતુ

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

તેની અંદર પણ એક શરીરમાં અનંતા જીવોની સ્થિતિ છે. નિગોદ નામ (બન્ને જાતિમાં) તેના શરીરનું પણ છે. તેવા શરીરો અસંખ્યાતા છે અને દરેક શરીરમાં **જીવો અનંત હોવાથી તે બધા જીવો અનંતા છે.** કર્મગ્રંથકારના મતે નવ પ્રકારના અનંતા પૈકી સૂક્ષ્મ-બાદર-નિગોદના સર્વ જીવો તેમજ એક નિગોદમાં રહેલા જીવો પણ આઠમે મધ્યમ અનંતાનંતે વર્તે છે. કોઈ પણ કાળે જો સર્વજ્ઞને પ્રશ્ન કરવામાં આવે, તો તેઓના તરફથી ઉત્તર એ જ મળે કે-બાદર અથવા સૂક્ષ્મ એક નિગોદમાં રહેલા જીવોનો અનંતમો ભાગ સિદ્ધિપદને પામેલો છે.

બાદર-નિગોદ કરતાં સૂક્ષ્મ-નિગોદમાં જીવની સંખ્યા વિશેષ છે, એટલે કે-અસંખ્યાતગુણી છે. બાદર જીવોમાં એક પર્યાપ્તાની નિશ્રાએ બીજા અસંખ્યાતા અપર્યાપ્તા જીવો હોય છે, જ્યારે સૂક્ષ્મ-નિગોદમાં તેથી વિપરીતપણું છે; એટલે કે-તેમાં એક અપર્યાપ્તાની નિશ્રાએ અસંખ્યાતા પર્યાપ્તા જીવો હોય છે.

બે પ્રકારની નિગોદ પૈકી સૂક્ષ્મ નિગોદ તે '**અવ્યવહારરાશિ**' છે. તેમાં એવા પણ અનંતા જીવો છે, કે જે અનંતકાળથી તે જ અવસ્થાએ રહેલા છે અને રહેવાના છે. જેઓ કદાપિ સૂક્ષ્મ-નિગોદમાંથી બહાર નીકળ્યા જ નથી. તેઓ ગુફામાં જન્મ્યા અને ગુફામાં મૃત્યુ પામ્યાની પેઠે અવ્યવહારી છે. બાદર-નિગોદને '**વ્યવહારરાશિ**' કહેલી છે, કારણ કે-તે જીવો વ્યવહારમાં આવ્યા કરે છે. એક વાર સૂક્ષ્મ-નિગોદરૂપ અવ્યવહારરાશિમાંથી નીકળેલો જીવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફરીને સૂક્ષ્મ-નિગોદમાં જાય, તો પણ વ્યવહારરાશિઓ જ કહેવાય છે અને તે અમુક કાળે (અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણીએ) પાછો તેમાંથી નીકળીને બીજી વ્યવહારની જીવજાતિમાં જરૂર આવે છે. વ્યવહારરાશિમાં રહેલા જીવો સર્વે મોક્ષે જવાના છે એવો નિશ્ચય નથી, કારણ કે-તેમાં અનાદિકાળથી બાદર-નિગોદ રહેલી છે, કે જેનો અનંતમો ભાગ જ મોક્ષે ગયેલ છે અને જવાનો છે. તેમજ વ્યવહારરાશિમાં રહેલા અનંતા અભવ્ય જીવો છે, કે જેઓ કદાપિ મોક્ષે જવાના જ નથી. (અભવ્ય જીવો ચોથે જઘન્યયુક્ત અનંતે છે) તેમજ અવ્યવહારરાશિમાં રહેલા સર્વ જીવો મોક્ષે જવાના નથી એમ પણ નથી, કારણ કે-વ્યવહારરાશિમાંથી એક જીવ મોક્ષે જાય ત્યારે અવ્યવહારરાશિમાંથી એક જીવ વ્યવહારરાશિમાં આવે છે-એવો અચળ ક્રમ છે. માત્ર જે જીવો **'જાતિભવ્ય'** છે અને તથાપ્રકારની સામગ્રીને અભાવે અવ્યવહારરાશિમાંથી નીકળવાના જ નથી, તેથી જ તેને મોક્ષની સામગ્રી મળવાની નથી અને તેવી સામગ્રીના અભાવથી તે (જાતિભવ્ય) જીવો મોક્ષે પણ જવાના નથી. જો સામગ્રી મળે તો તેઓ મોક્ષે જઈ શકે તેવા સ્વભાવવાળા છે. આ જીવોને અભવ્યની કોટે વળગેલા કહેવામાં આવે છે. અનંત જીવો એવા છે, કે જેઓ ત્રસત્વ પામ્યા નથી અને અનંતાનંતકાળ નિગોદમાં સબડ્યા કરે છે.

'સૂક્ષ્મ-નિગોદ' ચૌદ રાજલોકમાં સર્વત્ર સર્વ આકાશ-પ્રદેશમાં રહેલી છે. કાજળથી ભરેલી ડાબડીની જેમ સકળ લોક આ જીવોથી ભરેલો છે. જેમ પુદ્ગલ વિનાનો કોઈ

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

પ્રદેશ નથી, તેમ આ જીવો વિનાનું પણ કોઈ સ્થાન નથી અને 'બાદર-નિગોદ' તો લોકના અસંખ્યાતમા ભાગમાં રહેલ છે.

સૂક્ષ્મ-નિગોદ અને બાદર-નિગોદ એ તે જીવોના શરીરનું નામ પણ છે. એક નિગોદમાં રહેલા અનંત જીવોનું શરીર એક જ હોય છે, તેથી તે જીવો પણ નિગોદના નામથી ઓળખાય છે. સમકાળે ઉત્પન્ન થયેલા તે અનંત જીવોની શરીરરચના પણ સમકાળે (સર્વ જીવોની એકી સાથે) થાય છે, ઉચ્છ્વાસ-નિઃશ્વાસયોગ પુદ્ગલોનું ગ્રહણ અને મૂકવાનું પણ સર્વ જીવોનું સમકાળે એકી સાથે છે. અનંત જીવોનું ઔદારિક શરીર એક જ હોવા છતાં તૈજસ-કાર્મણ-શરીર તો તે જીવના પોતપોતાના જૂદા જૂદા હોય છે. દરેક જીવ પોતપોતાની અવગાહનામાં અસંખ્ય આત્મપ્રદેશવાળો હોય છે અને તેના પ્રદેશોની સંખ્યા લોકાકાશના પ્રદેશ તુલ્ય બરાબર છે. કોઈ પણ જીવ જ્યારે લઘુમાં લઘુ અવગાહના કરે, ત્યારે પણ અસંખ્યાત આકાશપ્રદેશને અવગાહીને જ રહી શકે છે. જો કે તે તે આકાશપ્રદેશે બીજા અનંતા જીવોના દરેક અસંખ્ય અસંખ્ય આત્મપ્રદેશો હોય છે, તો પણ જીવોનો અને પુદ્ગલોનો મળીને રહેવાનો સ્વભાવ હોવાથી એકેક આત્મપ્રદેશે અનંતા છૂટા પરમાણુ એથી માંડીને યાવત્ અનંતા પરમાણુના સ્કંધો અને અનંત જીવોના અસંખ્ય અસંખ્ય આત્મપ્રદેશો પરસ્પરને બાધા કર્યાં સિવાય રહી શકે છે. (જેમ એક દીવાના પ્રકાશમાં અનેક દીવાના પ્રકાશો મળી જાય છે તેમ.) તે દરેક જીવના પ્રત્યેક આત્મપ્રદેશે અનંતી અનંતી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્મવર્ગણાઓ લાગેલી હોય છે. તે વર્ગણાઓ અનંત પરમાણુઓના સ્કંધોની બનેલી હોય છે.

આ પ્રમાણે પ્રત્યેક આકાશપ્રદેશે જો કે અનંતા જીવોના અસંખ્ય અસંખ્ય આત્મપ્રદેશો રહેલા છે, તો પણ તેમાં જઘન્યપદ અને ઉત્કૃષ્ટપદ લાભે છે. લોકને અંતે જ્યાં ખૂણા નીકળેલા હોય છે અને જે નિષ્કુટ કહેવાય છે ત્યાં, કે જ્યાં રહેલા જીવોને ત્રણ દિશિનો જ આહાર મળી શકે છે, સ્પર્શના પણ ત્રણ દિશાની જ તેમને હોય છે, બાકીની ત્રણ દિશાએ અલોક હોય છે, ત્યાં જ '**જઘન્યપદ**' લાભે છે. ત્યાંના પ્રત્યેક આકાશપ્રદેશ ઉપર જીવપ્રદેશો સર્વથી થોડા હોય છે તે જઘન્યપદ કહેવાય છે. તે જઘન્યપદના જીવપ્રદેશો કરતાં સર્વ જીવો અસંખ્યગુણા હોય છે અને ઉત્કૃષ્ટપદવાળા એકેક આકાશપ્રદેશે તે સર્વ જીવો કરતાં વિશેષાધિક જીવપ્રદેશો હોય છે. બાકી જ્યાં ચાર કે પાંચ દિશાનો આહર મળે, ત્યાં '**મધ્યમપદ**' લાભે છે.

ત્રણ, ચાર કે પાંચ દિશાથી આહાર મળે તેવા સ્થાનોમાં ખંડગોળા ઉત્પન્ન થાય છે. જ્યાં છ દિશાનો આહાર મળી શકે, ત્યાં જ '**પૂર્ણગોળા**' ઉત્પન્ન થાય છે અને એવા ગોળામાં જ '**ઉત્કૃષ્ટપદ**' લાભે છે. આ ખંડગોળા અને પૂર્ણગોળાની નિષ્પાદક નિગોદ કહેવાય છે. ગોળાઓનું ખંડપણું કે અખંડપણું તે અવગાહનાની અપેક્ષાએ નથી પણ સ્પર્શનાની અપેક્ષાએ છે.

ગોળક ( ગોળા ) તે આકાશપ્રદેશની રચના છે. તેનો આકાર ગોળ લાડવા જેવો હોવાથી તે ગોળક કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યાં ઊર્ધ્વ, અધો અને પૂર્વ–પશ્ચિમાદિક ચાર મળી છ દિશાએ લોક હોય છે, ત્યાં પૂર્ણગોળક ઉત્પન્ન થાય છે. તે પ્રત્યેક અસંખ્ય આકાશપ્રદેશના બનેલા હોય છે. તે પ્રત્યેક ગોળાના એકેક મધ્યબિંદુ તરીકે આકાશપ્રદેશને મૂકીને બીજા મધ્યબિંદુને આશ્રીને અસંખ્ય ગોળાઓ છએ દિશામાં ઉત્પન્ન થાય છે, તેથી તેવા પૂર્ણગોળાઓ પ્રસ્તુત પૂર્ણગોળક કરતાં પણ અસંખ્યાતગુણા થાય છે. આવા ગોળા જ્યાં એક–બે–ત્રણ દિશાએ અલોક હોય છે ત્યાં બની શકતા નથી, તેથી તે સ્થાને ખંડગોળા બને છે અને તેથી જ ત્યાં જીવના પ્રદેશો ઓછા હોય છે. તે હેતુથી જ ત્રણ દિશાએ અલોકવાળા સ્થાનને ‘જઘન્ય’ કહેવામાં આવેલું છે. આવા એકેક ગોળાના સર્વ પ્રદેશોને અવલંબીને અસંખ્ય નિગોદો રહેલી છે, કે જેની અવગાહના તે પૂર્ણગોળક સદૃશ જ છે. પરંતુ તે પ્રસ્તુત ગોળાને અનુસરીને બીજા તે ગોળાની બહાર અસંખ્ય ગોળાઓ નિષ્પન્ન થાય છે અને ગોળાઓની સંખ્યા કરતાં નિગોદની સંખ્યા અસંખ્યાતગુણી થાય છે. આવા ગોળકો પ્રસ્તુત ગોળકમાં એકેક પ્રદેશની હાનિ અને એકેક પ્રદેશની અન્ય તરફ વૃદ્ધિ–એમ કરતાં જૂદા જૂદા મધ્યબિંદુ કલ્પવાથી અસંખ્યાતા બને છે. તે સંબંધી વધારે સમજુતી ‘નિગોદષટ્ત્રિંશિકા’ પ્રકરણમાં આપેલી છે.

વ્યવહારનયે જેટલા પૂર્ણગોળક છે તેટલા જ ઉત્કૃષ્ટપદ છે. નિશ્ચયનય આ સંબંધમાં એટલું વિશેષ કહે છે કે–જ્યાં બાદર–નિગોદ કંદાદિ રહેલ હોય તે આકાશપ્રદેશો,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાદર-નિગોદમાંથી અને સૂક્ષ્મ-નિગોદમાંથી નીકળેલા પણ તે બે પ્રકારની નિગોદમાં જ ઉપજવાના જીવોના આત્મ-પ્રદેશો, તેમજ તે બન્ને પ્રકારની નિગોદમાં ઉપજવા આવતા અન્ય પૃથ્વીકાયાદિ જીવોના આત્મપ્રદેશો જ્યાં જ્યાં વધારે લાભે ત્યાં ત્યાં ઉત્કૃષ્ટપદ સમજવું: જેથી ગોળક અને ઉત્કૃષ્ટપદ એ બે સરખા નહિ થાય પણ ઉત્કૃષ્ટપદ ગોળા કરતાં ઓછા થશે. બાકી બાદર-નિગોદ વિગેરેના આશ્રય વિના તો તેની સમાનતા જ થશે. ગોળા અસંખ્યાતા છે અને પ્રત્યેક ગોળામાં અસંખ્ય નિગોદ તો તેટલી જ અવગાહનાવાળી રહેલી છે. બાકી વધતી-ઘટતી અવગાહનાવાળી નિગોદો અસંખ્યાતગુણી છે અને તે પ્રત્યેક નિગોદમાં અનંતા જીવો રહેલા છે. તે દરેક નિગોદના જીવો સિદ્ધના જીવો કરતાં અનંતગુણા છે. સિદ્ધના જીવો 'પાંચમે મધ્યમયુક્ત' અનંતે છે અને આ એક નિગોદમાં રહેલા જીવો આઠમે અનંતે છે. સમકિત પામ્યા પછી પતિત થયેલા જીવો, કે જેઓ અર્ધપુદ્ગલપરાવર્તનની અંદર ફરી સમકિત આદિ પામીને મોક્ષે અવશ્ય જવાના જ છે, તેવા જીવો અભવ્ય કરતાં અનંતગુણા છે અને સિદ્ધને અનંતમે ભાગે છે. તે પણ પાંચમે અનંતે છે. પાંચમા અનંતાના અનંતા સ્થાનો હોવાથી આ સંખ્યા અબાધિતપણે ઘટી શકે છે. સિદ્ધના જીવોમાં નિરંતર વૃદ્ધિ થતી જાય છે, છતાં તે પાંચમે અનંતે આ કારણથી જ ગણી શકાય છે. પુદ્ગલપરાવર્તનનો કાળ અનંતો હોવાથી અર્ધપુદ્ગલપરાવર્તન જેટલા કાળમાં પ્રથમના પડવાઇ જીવો મોક્ષે જાય છે અને બીજા લગભગ તેટલા જીવો નવા પડવાઈ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્ષેત્રવિચારણાએ પ્રત્યેક ગોળકની તેમજ પ્રત્યેક નિગોદની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની અને અસંખ્ય આકાશપ્રદેશની એકસરખી હોય છે. બાદર-નિગોદની અવગાહના પણ અંગુલના અસંખ્યાતમા ભાગની છે અને તેમાં પણ દરેક નિગોદમાં અનંતા જીવો છે. દરેક જીવનું તૈજસ અને કાર્મણ-એ બે શરીર જૂદા જૂદા છતાં ઔદારિક શરીર જૂદું જૂદું નથી.

**નિગોદના જીવો અનંતકાળ સુધી અતિ દુઃખિત કેમ હોય છે?**-આ સંબંધી વિચાર જણાવવાને કેવળી સિવાય કોઈ સમર્થ નથી, તો પણ તેનો આશય સમજવા સારુ કિંચિત્ કર્મપ્રકાર કહેવામાં આવે છે. નિગોદના જીવો સ્થૂલ આશ્રવ સેવવાને સમર્થ નથી, પરંતુ તે એકેકને વિંધીને એકેક શરીર આશ્રી અનંત રહેલા છે. તે પૃથક્ પૃથક્ દેહરૂપી ગૃહથી રહિત છે, પરસ્પર દ્વેષના કારણભૂત ઔદારિક શરીરમાં સંસ્થિત છે અને અત્યંત સંકીર્ણ નિવાસ મળવાથી અન્યોઅન્ય વિંધીને નિકાચિત વૈર બાંધે છે, જે પ્રત્યેકને અનંત જીવો સાથે ઉગ્રપણે બંધાય છે. હવે જ્યારે એક જીવે એક જીવ સાથે બાંધેલું વૈર અત્યંત ગાઢ હોઇને, એક જીવે અનંત જીવો સાથે બાંધેલું વૈર અનંતકાળે ભોગવાય તેમાં શું આશ્ચર્ય? અને તે ભોગવવાનો કાળ અનંત છે. કેદખાનામાં પૂરાયેલા કેદીઓ જેમ પરસ્પર સંમર્દનથી પીડાયા છતાં, આમાંથી કોઇ મરે અથવા જાય તો હું સુખે રહું ને ભક્ષ્ય પ્રમાણમાં કાંઈક વધારે મળે, એવી દુષ્ટ ભાવનાથી એકેક જીવ પ્રતિ અશુભ કર્મ બાંધે છે; તેમ નિગોદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવોના કર્મબંધ વિષે પણ સમજવું. અતિ સાંકડા પાંજરામાં પૂરાયેલા પક્ષીઓ અને જાળ વિગેરેમાં સપડાયેલા માછલાં પરસ્પરની બાધાથી દ્વેષયુક્ત થયા છતાં અતિ દુઃખી થાય છે. પંડિતો કહે છે કે-'ચોરને મરાતો અથવા સતીને અગ્નિમાં પ્રવેશ કરતી કુતૂહલથી જોનારા દ્વેષ વિના પણ સામુદાયિક અશુભ કર્મ બાંધે છે, જે ખરેખર અનેક જીવોને એકી સાથે ભોગવવું પડે છે. એ પ્રમાણે કૌતુકથી બંધાયલા કર્મોનો વિપાક અતિ દુઃખદાયી થાય છે, તો પછી નિગોદના જીવોએ પરસ્પર બાધાજન્ય વિરોધથી અનંત જીવો સાથે બાંધેલા કર્મોનો ભોગ (પરિપાક) અનંતકાળ વિત્યા છતાં પણ પૂરો ન થાય તેમાં શું આશ્ચર્ય છે?

**નિગોદના જીવોને મન નથી તેમ છતાં, પરિપાક અનંતકાળ સુધી પહોંચે-એવા કર્મ શાથી બંધાય છે?**-નિગોદના જીવોને મન નથી, તો પણ અન્યોન્યની બાધાથી દુષ્કર્મ તો ઉત્પન્ન થાય જ. વિષ જાણતાં ખાધું હોય અથવા અજાણતાં ખાધું હોય, તો પણ તે મારે જ. જો જાણવામાં હોય તો પોતે અથવા બીજા ઉપાય કરે તેથી કદાચ બચી જાય, પરન્તુ અજાણપણે ખાધેલું તો મારી જ નાંખે. તેવી જ રીતે મન વિના ઉત્પન્ન થયેલું પરસ્પર વૈર અનંતકાળે પણ ભોગવતાં પૂરું થાય નહિ. નિગોદના જીવોને મન નથી, પણ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને કાયયોગ જે કર્મબંધના હેતુ છે, તે હોય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે-"વીર્ય બે પ્રકારના છે: એક મનચિંતન સહિત (અભિસંધી) અને બીજું મનચિંતન રહિત (અનભિસંધી).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનભિસંધી વીર્યથી પણ દરેક આત્મા સમયે સમયે કર્મબંધ કરે છે. જેમ આહારાદિકનું પાચન મનના ચિંતન વિના ( અનાભોગથી ) થાય છે, તેમ અનાભોગથી કર્મ પણ બંધાય છે. જીવ કોઈ પણ દશામાં વર્તતો કેમ ન હોય, છતાં તેનાં પર્યાયો તેનાં વીર્યજનિત હોઈ પછી તે વીર્ય અભિસંધી જ હો કે અનભિસંધી, પણ તેથી કર્મ બંધાય છે. કર્મબંધના કારણો મિથ્યાત્વાદિક ચાર–મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ છે. ” જીવ જેમ જેમ ઉપર ઉપરના ગુણઠાણે ચઢતો જાય, તેમ તેમ તેને કર્મબંધ ઓછા થતા જાય છે.

નિગોદના જીવોને શરીરને લગતી સઘળી ક્રિયા સમાન હોય છે, પરંતુ કર્મનો બંધ, ઉદય અને આયુનું પ્રમાણ એ કાંઈ સઘળા એકી સાથે ઉત્પન્ન થયેલાને સરખા જ હોય છે એમ નથી. સરખાય હોય તેમ ઓછાવત્તા પણ હોય.

બાદર–નિગોદના જીવો ચર્મચક્ષુવડે પ્રત્યક્ષ દેખી શકાય છે માટે પ્રત્યક્ષ છે, પરન્તુ સૂક્ષ્મ–નિગોદના જીવોને તો શ્રી સર્વજ્ઞ જ દેખતા હોવાથી આગમપ્રમાણથી માનવા લાયક છે, કારણ કે–સૂક્ષ્મ–નિગોદ જીવો ચક્ષુના સ્પર્શમાં આવતા નથી. કેટલાક પદાર્થો પ્રત્યક્ષ પ્રમાણથી મનાય છે અને કેટલાક પદાર્થો આગમપ્રમાણથી એટલે આપ્તપુરુષના વચનપ્રમાણથી પણ માનવા જોઈએ. કેવળ પ્રત્યક્ષ પ્રમાણ માનવાવાળા નાસ્તિક જ કહી શકાય.

નિગોદનું સ્વરૂપ એટલું બધું સૂક્ષ્મ અને માત્ર કેવળીગમ્ય છે, કે જેને માટે શાસ્ત્ર ઉપર અને પરમાત્માની વાણી ઉપર જ આધાર રાખવાથી સમજાય તેમ છે. અતીન્દ્રિય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પદાર્થ માત્ર શ્રદ્ધાવડે જ ગ્રહણ થઈ શકે છે, તે છતાં પૂર્વ-પુરુષોએ અનેક ગ્રન્થોમાં અને સૂત્રોમાં તેમજ તેની ટીકાઓમાં તેનું સ્વરૂપ વિસ્તારથી વર્ણવ્યું છે. સદરહુ નિગોદનું સ્વરૂપ એક મુમુક્ષુજન ગુરુગમ સમજેલા, તેમના ઉતારાની લીધેલ કેટલીક નોંધ તેમજ નિગોદષટ્ત્રિંશિકા, લોકપ્રકાશ તથા પ્રસંગતઃ જૈનતત્ત્વસાર વિગેરે ગ્રન્થોમાંથી ઉદ્ધરીને અત્ર સંક્ષિપ્ત દર્શાવ્યું છે. વિશેષ ખપી જીવોએ તે તે ગ્રન્થો વાંચી ગુરુગમદ્વારા સમજવું.

## નિશ્ચય–વ્યવહારથી દૈવ અને પુરૂષાર્થ

દૈવ અને પુરૂષાકાર જેને લોકો પ્રારબ્ધ અને પુરૂષાર્થ કહે છે, તે દૈવ અને પુરૂષાકાર તુલ્ય બળવાળા છે એ નિશ્ચય છે. આત્મા અને પુદ્ગલમાં પરિણમન ધર્મનો સ્વીકાર કર્યા પછી આ બે વિના અવસ્થા ઘટતી નથી. દૈવ એટલે શુભાશુભ કર્મ અને પુરૂષાકાર એટલે જીવનો સ્વવ્યાપાર એમ બન્નેનો અર્થ છે. એ બન્ને પરસ્પર આશ્રયી છે એમ વ્યવહાર–નયાનુસાર કહેવાય છે. નિશ્ચય–નયાનુસાર તો દૈવ અને પુરૂષાકાર પોતપોતાની પ્રવૃત્તિમાં પોતે જ કારણ છે અને વ્યવહાર–નયાનુસાર તે બન્ને પરસ્પર સાપેક્ષ વૃત્તિવાળા છે.

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org